**નગરપાલિકાના સભ્યના પતિનો વાયરલ ઓડિયોથી ડભોઈમાં રાજકીય અને ધાર્મિક વિવાદ**

# ડભોઈમાં ધાર્મિક વિવાદ: સરદાર બાગમાં હનુમાન ચાલીસા બંધ કરાવવાના આદેશથી ભારે રોષ

(પ્રતિનિધિ) ડભોઈ, તા.3
ડભોઈ નગરપાલિકામાં સત્તા પરિવર્તન બાદ હવે વિવાદોએ માથું ઉંચક્યું છે. ડભોઈના જાણીતા સરદાર બાગમાં છેલ્લા આઠ મહિનાથી નિયમિતપણે સવાર-સાંજ વાગી રહેલા હનુમાન ચાલીસાને બંધ કરવાનો કથિત આદેશ સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ડભોઈમાં ભારે આક્રોશ ફેલાયો છે.

મળતી માહિતી મુજબ, બાગ સમિતિના ચેરમેન નશલીનબાનું મન્સૂરીના પતિ દ્વારા પાલિકાના કર્મચારીઓને સરદાર બાગમાં કોઈ પણ ધાર્મિક ગીત કે હનુમાન ચાલીસા ન વગાડવા માટે કડક સૂચના આપવામાં આવી છે. આ અંગેનો એક ઓડિયો ક્લિપ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. ચેરમેનના પતિનો દાવો છે કે મોર્નિંગ વોક પર આવતા લોકોની રજૂઆતોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.



સરદાર બાગમાં પ્રભુ શ્રી રામની મૂર્તિ સ્થાપિત છે અને ભક્તો માટે આ સ્થળ આસ્થાનું કેન્દ્ર રહ્યું છે. છેલ્લા 8 મહિનાથી અહીં હનુમાન ચાલીસાનું પઠન કરવામાં આવતું હતું. ચેરમેનના પતિ દ્વારા આપવામાં આવેલા આ આદેશ બાદ હિન્દુ સંગઠનોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. લોકોનો પ્રશ્ન છે કે, જે બગીચામાં ભગવાન રામની મૂર્તિ સ્થાપિત હોય ત્યાં હનુમાન ચાલીસા વગાડવા સામે વાંધો કેમ? આ ઓડિયો વાયરલ થતાં જ વિવાદ વકર્યો હતો. આ ઘટનાના વિરોધમાં મોડી રાત્રે સ્થાનિક ભાજપના કોર્પોરેટરો અને મોટી સંખ્યામાં રહીશો સરદાર બાગ ખાતે એકત્ર થયા હતા.

વિરોધ પ્રદર્શન સ્વરૂપે તેમણે જાહેર બગીચામાં સામૂહિક રીતે હનુમાન ચાલીસાના પાઠ કર્યા હતા. આ ઘટનાએ ડભોઈના રાજકારણને ગરમાવા લાવી દીધો છે અને આ મામલો હાલ સમગ્ર પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે.

શું આ નિર્ણય વહીવટી છે કે રાજકીય દ્વેષપૂર્ણ? તે પ્રશ્ન હવે લોકોમાં ઉઠી રહ્યો છે. હાલ તો આ સમગ્ર મામલાને લઈને તંત્ર શું નિર્ણય લે છે તે જોવું રહ્યું. જાણવા મળ્યા મુજબ તથાકથિત ઓડીયો ની ચર્ચા સોસીયલ મીડિયા મા જોવા મળે છે સતા પક્ષ હનુમાન ચાલીશા ચાલુ છે એવું રટણ કરે છે હવે ચિફ ઓફિસર અને બોર્ડ શુ નિર્ણય લેશે એ જોવુ રહ્યું નગરપાલિકા ના માજી પ્રમુખે મસ્જિદ પર થી માઈક ઉતારી લેવાની ટીપ્પણી કરી છે હવે જોવુ રહ્યું કે રાજકીય રંગ કઇ દિશામાં જાય છે એના પર સૌની નજર છે.

**૨૦ માસૂમ બાળકો મૂળભૂત સુવિધાઓ વિના ભણવા મજબૂર**

# ૮ વર્ષથી ઝૂંપડામાં ભણતા આદિવાસી બાળકો, શિક્ષણ તંત્રની પોલ ખુલ્લી

**૫ ધોરણ** વચ્ચે માત્ર ૧ જ શિક્ષિકા, રજા પર જાય ત્યારે શાળાને તાળાં મારવાની નોબત





(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.3
ડિજિટલ ઈન્ડિયા અને ભણશે ગુજરાતના મોટા-મોટા દાવાઓ વચ્ચે છોટાઉદેપુર જિલ્લાના અંતરિયાળ વિસ્તારમાંથી શિક્ષણ વ્યવસ્થાની પોલ ખોલતો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. કવાંટ તાલુકાના આંબાડુંગર ગામના માનુકલા ફળિયામાં પ્રાથમિક શાળા છેલ્લા ૮ વર્ષથી એક કાચા ઝૂંપડામાં ચાલી રહી છે. નવાઈની વાત એ છે કે, આટલા વર્ષો વીતી ગયા હોવા છતાં સરકારી તંત્રને શાળાનું પાકું મકાન બનાવવા માટે યોગ્ય જગ્યા જ મળી નથી.

આંબાડુંગર ગામ મુખ્ય ડામર રોડથી આશરે ૬ કિલોમીટર દૂર ડુંગરાળ અને દુર્ગમ વિસ્તારમાં આવેલું છે. અહીં શાળાનું પોતાનું કોઈ મકાન ન હોવાથી, ગામના જ એક જાગૃત આદિવાસી નાગરિકે બાળકોના ભવિષ્ય માટે પોતાનું કાચું મકાન આપ્યું છે. પતરાં અને માટીની દીવાલો વાળા આ ઝૂંપડામાં ધોરણ ૧ થી ૫ના આશરે ૨૦ જેટલા બાળકો અભ્યાસ કરે છે. ચોમાસામાં છત ટપકવાનો અને ઉનાળામાં અસહ્ય ગરમી વચ્ચે બાળકોએ બેસવું પડે છે. એટલું જ નહીં, આ કાચા મકાનની આસપાસ ઝેરી જાનવરો નીકળવાનો પણ સતત ભય રહે છે.

**મોરખલા તળાવમાં અનેક દિવસથી આતંક મચાવતો મગર આખરે સકંજામાં**

# મોરખલા તળાવમાંથી મહાકાય મગરનું સફળ રેસ્ક્યુ, ગ્રામજનોએ લીધો રાહતનો શ્વાસ

(પ્રતિનિધિ) બોડેલી, તા.3
છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના મોરખલા ગામના વિશાળ તળાવમાં છેલ્લા કેટલાક દિવસોથી મહાકાય મગરનો આતંક જોવા મળી રહ્યો હતો. અગાઉ તળાવમાં પાણી પીવા ગયેલી એક ગાય પર મગરે હુમલો કર્યો હતો, જ્યારે બે બકરાનું પણ મારણ કરતાં સમગ્ર ગામમાં ભયનો માહોલ સર્જાયો હતો. પશુપાલકો પોતાના ઢોરને તળાવ પાસે લઈ જતાં પણ ગભરાવવા લાગ્યા હતા અને ગ્રામજનોમાં ભારે ફફડાટ ફેલાયો હતો.ગ્રામજનોએ સ્થાનિક તંત્રનું ધ્યાન દોર્યું હોવા છતાં સમયસર કોઈ અસરકારક કાર્યવાહી



ન થતાં ચિંતામાં વધારો થયો હતો. આખરે મોરખલા ગામના મંદિરના પૂજારી દીપક મહારાજે પરિસ્થિતિની ગંભીરતા સમજી વડોદરાની રેસ્ક્યુ ટીમ ના વડા અરવિંદ પવાર નો ટેલિફોનિક સંપર્ક કર્યો અને સમગ્ર ઘટનાની જાણ કરી. મળતાં જ અરવિંદ પવારના માર્ગદર્શન હેઠળ વડોદરાની રેસ્ક્યુ ટીમ જરૂરી સાધનો સાથે તાત્કાલિક મોરખલા ગામે પહોંચી હતી.

ટીમે તળાવની આસપાસનો વિસ્તાર સુરક્ષિત બનાવી લાંબી અને જોખમી કામગીરી હાથ ધરી હતી. ભારે જહેમત બાદ મહાકાય મગરને કોઈ જાનહાનિ કે ઈજા વિના સફળતાપૂર્વક કાબૂમાં લેવામાં આવ્યો હતો. સમગ્ર કામગીરી દરમિયાન મોટી સંખ્યામાં ગ્રામજનો સ્થળ પર હાજર રહ્યા હતા. વન્યજીવ સંરક્ષણના નિયમોને અનુરૂપ રેસ્ક્યુ કરાયેલા મહાકાય મગરને બાદમાં સુરક્ષિત રીતે નર્મદા કેનાલ વિસ્તારમાં છોડવામાં આવ્યો હતો, જેથી તે પોતાના કુદરતી નિવાસસ્થાનમાં સલામત રીતે રહી શકે. મગરના સફળ રેસ્ક્યુ બાદ ગામમાં રાહતનો માહોલ જોવા મળ્યો હતો.

# પાદરામાં DJ સ્પીકરમાંથી વિદેશી દારૂ ઝડપાયો

(પ્રતિનિધિ) પાદરા, તા.3
વડોદરા ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી) દ્વારા પાદરા શહેરમાં પ્રોહિબિશન અંગેની કાર્યવાહી દરમિયાન ચતુરાઈથી ડી.જે.ના સ્પીકરમાં સંતાડી રાખવામાં આવેલ ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી મોટી સફળતા હાંસલ કરી છે. એલસીબીની ટીમના મુકેશભાઈ પાંચાભાઈ તથા હરેશભાઈ અમરૂભાઈ પ્રોહિબિશન અંગે પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે પાદરા ટાઉનના ઘાયજ રોડ, રેલવે ફાટક પાસે રહેતો રાજેશભાઈ ઉર્ફે રાજુ રાવજીભાઈ મકવાણા બહારથી વિદેશી દારૂનો જથ્થો લાવી પોતાના ઘરે સંતાડી રાખી છૂટક વેચાણ કરે છે. બાતમીના આધારે એલસીબીની ટીમે તેના રહેણાંક



મકાન પર દરોડો પાડ્યો હતો.

દરોડા દરમિયાન પોલીસે ઘરની ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ઘરમાં રાખવામાં આવેલા ડી.જે. ના સ્પીકરમાં ચતુરાઈપૂર્વક સંતાડી રાખવામાં આવેલ વિવિધ બ્રાન્ડની ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ 79 બોટલો મળી આવી હતી. પોલીસે અંદાજિત 54,194 કિંમતનો દારૂ, 5,000 કિંમતનો મોબાઈલ ફોન તથા અન્ય દસ્તાવેજી પુરાવા મળી કુલ 59,194નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

**તલાટીઓએ મહેસુલી સહિત અન્ય વિભાગોની કામગીરી બંધ કરવાની કરી જાહેરાત**

# છોટાઉદેપુરમાં તલાટી મંડળનો મહેસુલી કામગીરી બંધનો નિર્ણય

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.3
આજરોજ છોટાઉદેપુર તાલુકા તલાટી મંડળ દ્વારા ગુજરાત રાજ્ય તલાટી કમ મંત્રી મહામંડળ અને જિલ્લા મંડળ દ્વારા મહેસુલી કામગીરી બંધ કરવા અંગે થયેલ આદેશની જાણ કરતો પત્ર અધિક કલેક્ટરને આપવામાં આવ્યો.

આ પત્રમાં જણાવ્યું છે કે ગ્રામ્ય કક્ષાએ તલાટી કમ મંત્રી દ્વારા પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ ઉપરાંત મહેસુલ વિભાગ તથા અન્ય વિભાગોની કામગીરી પણ તલાટી કમ મંત્રી દ્વારા જ કરવામા આવે છે.તલાટી કમ મંત્રી માટે સ્પષ્ટ અને સુવ્યસ્થિત જોબચાર્ટ ન હોવાથી તેમના પર અસંગત તથા અતિરીક્ત



કામગીરીનો બોજો સતત વધી રહ્યો છે. જેના પરીણામે પંચાયત અને ગ્રામ વિકાસની મુળભુત કામગીરી ઉપર પ્રતિકુળ અસર થઈ રહી છે. જે અંગે ગુજરાત રાજ્ય તલાટી કમ મંત્રી મહામંડળ દ્વારા નામ. સરકારમા તલાટી કમ મંત્રીઓના જોબચાર્ટ બાબતે અવાર નવાર લેખિતમાં રજુઆતો કરેલ છે. અને આ બાબતે સરકાર દ્વારા કમિટીની રચના પણ થયેલ છે.

**બોડેલીના ૩૫ તલાટીઓ મહેસૂલી કામગીરીથી દૂર રહ્યા**

બોડેલીઃ ગુજરાત રાજ્ય તથા છોટાઉદેપુર જિલ્લા તલાટી કમ મંત્રી મંડળના આહ્વાનને સમર્થન આપતાં બોડેલી તાલુકા તલાટી કમ મંત્રી મંડળે મહેસૂલી કામગીરી બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. કાર્યભારમાં સતત થઈ રહેલા વધારાના વિરોધમાં બોડેલી મામલતદાર તથા તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર પાઠવી પોતાની માંગણીઓ રજૂ કરવામાં આવી છે. બોડેલી તાલુકાના અંદાજે 35 જેટલા તલાટી કમ મંત્રીઓ આ નિર્ણયમાં જોડાતા મહેસૂલી કામગીરીથી દૂર રહ્યા.

# પાદરા કન્યા શાળામાં વીજ સલામતી અંગે જાગૃતિ કાર્યક્રમ

(પ્રતિનિધિ) પાદરા, તા.3
એમજીવીસીએલ દ્વારા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. પાદરા સ્થિત કન્યા શાળા-1 પ્રાથમિક વિભાગ ખાતે સોમવારે એમજીવીસીએલ પાદરા-1 પેટા વિભાગ દ્વારા વીજ સલામતી, વીજ ઉર્જા બચત, વીજ ચોરી નિવારણ અને સ્માર્ટ મીટર અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવા વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને વીજળીનો સલામત ઉપયોગ, વીજ અકસ્માતોથી બચવાના ઉપાયો, વીજ ઉર્જા બચતનું મહત્વ તેમજ સૌર ઉર્જા અને પવન ઉર્જા જેવી કુદરતી ઉર્જાના ઉપયોગ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત સ્માર્ટ મીટરના ઉપયોગ, તેની કાર્યપદ્ધતિ અને



બિલિંગમાં પારદર્શિતા અંગે પણ સમજણ આપવામાં આવી હતી. વિભાગીય કચેરીના ઈનચાર્જ કાર્યપાલક ઈજનેર સી.વી. ભટ્ટના માર્ગદર્શન હેઠળ નાયબ ઈજનેર એન.એમ. વાળંદની ઉપસ્થિતિમાં શાળામાં ઉર્જા બચત અને કુદરતી ઉર્જાના ઉપયોગને પ્રોત્સાહન આપવા એમજીવીસીએલ દ્વારા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધા માટે જરૂરી કીટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. ચિત્ર સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવનાર વિદ્યાર્થીઓને ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

**શિનોર MGVCLની ધરાર બેદરકારી સામે આવતા ચકચાર**

# ડભોઈમાં ખાનગી કેબિનમાંથી ૧૩૦૦ જૂના વીજ મીટરનો જથ્થો મળ્યો

(પ્રતિનિધિ) ડભોઈ, તા.3
ડભોઈ ની દશાલાડ વાડી પાસે તળાવ કિનારે આવેલા લોખંડ ના કેબિન માં શિનોર MGVCL ના કોન્ટ્રાક્ટર માં કામ કરતી ઈન્ટેલસ્માર્ટ કંપની ધ્વારા જૂના બદલેલા 1300 નંગ વીજ મીટર નો જથ્થો ગેરકાયદેસર રીતે સંગ્રહ કરાયેલ રખાયો છે. ત્યારે MGVCL શિનોર ની ધરાર બેદરકારી સામે આવતા ચકચાર મચી જવા પામી છે. ડભોઈ ની દશાલાડ વાડી પાસે આવેલા તળાવ કિનારા ના એક કેબિન ને ભાડે રાખી કોન્ટ્રાકટર ધ્વારા જુના વીજ મીટર નંગ 1300 નો મોટો જથ્થો બેદરકારી પૂર્વક મોટા ખોખા,પ્લાસ્ટિક ના મીનિયા થેલો માં સંગ્રહ કરી રાખેલો જણાયો હતો. આ



અંગે પૂછતા કોન્ટ્રાક્ટ કંપની નું કામ કરીએ છે. અમારી મરજી મુજબ ગમે ત્યાં મૂકી શકીએ છીએ. અને ગમે ત્યારે જમા કરાવી શકીએ છે. જ્યારે આ અંગે શિનોર MGVCL ના ડે.એન્જિનિયર કૃણાલસિંગ ને પૂછતા તેઓએ જણાવ્યું હતું કે આટલી મોટી માત્રા માં જૂના મીટર નો સંગ્રહ કરી શકાતો નથી. આ 1300 નંગ જૂના વીજ મીટર નો સંગ્રહ થયેલ છે તો તેનો જવાબદાર કોણ...?

**આટલી મોટી સંખ્યામાં વીજ મીટરનો ખાનગી જગ્યાએ સંગ્રહ કરી શકાતો નથી**

શિનોર ની MGVCL ની હદ વિસ્તાર માંથી બદલેલ જૂના વીજ મીટર નંગ 1300 ડભોઈ માં ખાનગી ગોડાઉન માં સંગ્રહ કરાયેલ મળી આવ્યા હતા.ત્યારે આટલી મોટી સંખ્યા માં વીજ મીટર તાબા ની કચેરીએ જ જમા કરવા પડે.આ રીતે કચેરી ની જાણ બહાર કોઈ ખાનગી જગ્યા એ સંગ્રહ કરવો ખોટું છે.

**કૃણાલસિંગ**
ડે.ઇજનેર MGVCL શિનોર

# વરસાદી આગાહીએ બહાદરપુર બ્રિજનું ડાયવર્ઝન બંધ કરાયો



(પ્રતિનિધિ) સંખેડા, તા.3
છોટાઉદેપુર જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈને સંખેડા-બહાદરપુર વચ્ચે ઓરસંગ નદી પરના ડાયવર્ઝન પર વાહન વ્યવહાર બંધ કરવા જાહેરનામું બહાર પાડયું છે. વરસાદની આગાહીને પગલે આ નિર્ણય લેવાયો છે.ઓરસંગ નદી પરનો ૫૦ વર્ષ જૂનો બ્રિજનું ૧૨ કરોડના ખર્ચે મજબૂતીકરણનું કામ ચાલી રહ્યું છે, જે પૂર્ણતાના આરે છે. આ કામગીરી દરમિયાન વાહનવ્યવહાર માટે રૂા.બે કરોડના ખર્ચે આ ડાયવર્ઝન બનાવવામાં આવ્યું હતું. વરસાદને કારણે ડાયવર્ઝન પર તમામ નાના-મોટા અને ભારદારી વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત, ઓરસંગ બ્રિજ પર પણ ભારદારી વાહનો પસાર કરવા પર પ્રતિબંધ યથાવત છે. રીપેર થયેલા બ્રિજ પરથી બાંધકામ સામગ્રી હટાવ્યા બાદ વહેલી તકે હલકા વાહનો માટે વાહને વ્યવહાર શરૂ કરવામાં આવશે. કલેક્ટરે અધિકારીઓને જાહેરનામાનો કડક અમલ કરવા અને લોકોને ડાયવર્ઝનનો ઉપયોગ ના કરવા તાકીદ કરી છે.

# નટવરનગરમાં ૫૫ લાખની નવી શાળાનું લોકાર્પણ

**સાવલી :** સાવલી તાલુકાના નટવરનગર ગામે સ્કૂલ ઓફ એક્સેલન્સ યોજના હેઠળ કામગીરી પૂર્ણ થયા બાદ નવીન શાળાનું આજરોજ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. લોકાર્પણ વેળાએ તાલુકાના ધારાસભ્ય કેતન ઈનામદાર દ્વારા રીબીન કાપીને સ્કૂલ ગ્રામજનોને અર્પણ કરવામાં આવી હતી રાજ્ય સરકારની સ્કૂલ ઓફ એક્સલન્સ યોજના હેઠળ પ્રાથમિક શાળાઓનું આધુનિકરણ થઈ રહ્યું છે અને તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરાવીને બાળકોને શૈક્ષણિક કારકિર્દીમાં મદદરૂપ થવા માટે રાજ્ય સરકારનો ભારે મહત્વકાંક્ષી આ પ્રોજેક્ટ છે આ પ્રસંગે શાળાની બાળાઓએ સંસ્કૃતિ કાર્યક્રમ રજૂ કરીને હાજર જનોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

**૧૦૫ શાળાઓ સામે ૮૫ શિક્ષકોની અછત; પાંચ ધોરણના વિદ્યાર્થીઓને એક જ શિક્ષક ભણાવે છે**

# કરજણની સરકારી ૧૧ શાળાઓ એક જ શિક્ષકના ભરોસે, ક્યાંક મંદિરમાં તો ક્યાંક પંચાયત ઘરમાં ભણે છે બાળકો

(પ્રતિનિધિ) કરજણ, તા.3
એક તરફ રાજ્ય સરકાર કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમો દ્વારા શિક્ષણનું સ્તર ઊંચું લાવવાના દાવા કરી રહી છે, ત્યારે બીજી તરફ કરજણ તાલુકાની સરકારી પ્રાથમિક શાળાઓની વાસ્તવિક સ્થિતિ ચિંતાજનક હોવાનું સામે આવ્યું છે. તાલુકાની 105 પ્રાથમિક શાળાઓમાંથી 11 શાળાઓ એવી છે, જ્યાં ધોરણ 1થી 5 સુધીના વિદ્યાર્થીઓને માત્ર એક જ શિક્ષક દ્વારા શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. અનેક શાળાઓમાં એક જ વર્ગખંડમાં અલગ-અલગ ધોરણના વિદ્યાર્થીઓને સાથે બેસાડી





અભ્યાસ કરાવવામાં આવતો હોવાથી બાળકોના અભ્યાસ પર ગંભીર અસર પડી રહી હોવાનું વાલીઓ જણાવી રહ્યા છે.

લતીપુર, ટી.બી. આલમપુરા કોલોની, કલા, હિરજીપુરા, રોપા, સોમજ, કરણ, દેલવાડા, નાની કોરલ, લતીપુરા અને ભરથાલી સહિતની શાળાઓમાં અંદાજે 150 જેટલા વિદ્યાર્થીઓ એક જ શિક્ષકના ભરોસે અભ્યાસ કરવા મજબૂર હોવાનું જાણવા મળ્યું છે. બચાર શાળાના બાળકોને મંદિર અને પંચાયત ઘરમાં ભણવું પડે છે; નવી ઈમારતનું કામ હજુ શરૂ થયું નથી બીજી તરફ તાલુકાની બચાર પ્રાથમિક શાળામાં જર્જરિત મકાન તોડી પાડ્યા બાદ છેલ્લા એક વર્ષથી નવી શાળાનું બાંધકામ શરૂ થયું નથી. પરિણામે આશરે 115 વિદ્યાર્થીઓને મંદિર, પંચાયત ઘર, બચેલા બે વર્ગખંડ અને ખુલ્લી જગ્યામાં બેસીને અભ્યાસ કરવો પડી રહ્યો છે.

આ અંગે તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી (TPO) હેમંત માછીએ જણાવ્યું હતું કે તાલુકાની 105 શાળાઓમાં હાલમાં 85 શિક્ષકોની અછત છે, જેના કારણે આ સ્થિતિ સર્જાઈ છે. બચાર શાળા અંગે તેમણે જણાવ્યું હતું કે જૂનું મકાન જર્જરિત હોવાથી તોડી પાડવામાં આવ્યું હતું અને નવી ઈમારતને મંજૂરી મળી ગઈ છે. તેનું બાંધકામ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે.

સરકારી શાળાઓમાં શિક્ષકોની અછત અને માળખાકીય સુવિધાઓના અભાવને કારણે વાલીઓમાં ચિંતા વધી રહી છે. સ્થાનિકોનું માનવું છે કે જો સમયસર શિક્ષકોની નિમણૂક અને જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ નહીં થાય તો સરકારી શિક્ષણ પ્રત્યેનો વિશ્વાસ વધુ નબળો પડી શકે છે.

**પુસ્તકો વગર શરૂ થયું શિક્ષણ, સાવલીના વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમમાં**

# સાવલીની ૧૫૦થી વધુ શાળાઓમાં હજારો વિદ્યાર્થીઓ પુસ્તકો વિના ભણવા મજબૂર

(પ્રતિનિધિ) સાવલી, તા.3
સાવલી તાલુકા ની 150 થી વધુ પ્રાથમિક શાળાઓ માં અભ્યાસ કરતા બાળકોને શૈક્ષણિક સત્ર શરૂ થયાને મહિના બાદ વિવિધ વિષય ના પાઠય પુસ્તકો ન હોવાના કારણે હઝારો વિધાર્થી ઓ ને પુસ્તક વિહોણા ભણવાનો વારો આવ્યો છે અને તેના પગલે વાલીઓ માં ભારે રોષ ફેલાયો છે.

રાજ્ય સરકાર દ્વારા રાજ્યના પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકો માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટની ફાળવણી કરીને શિક્ષણને સશક્ત કરવા માટેના પ્રયત્નો કરવામાં આવે છે અને રાજ્ય અને દેશનો એક પણ બાળક શિક્ષણ વિહોણો ન રહે તે માટે સરકાર અને શિક્ષણ વિભાગ કટિબદ્ધ છે અને તેના પગલે સમગ્ર રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ધરમૂળથી ફેરફાર કરવામાં આવી રહ્યા છે અને સમગ્ર શિક્ષા અભિયાન સહિતના વિવિધ અભિયાનો ચાલી રહ્યા છે તેવામાં સમગ્ર રાજ્યમાં 6 જૂન થી નવું શૈક્ષણિક સત્ર શરૂ થઈ ગયું છે ત્યારે જાણવા મળ્યા મુજબ ચાલુ વર્ષે બાલવાટિકા અને પહેલા બીજા ધોરણ ના પાઠ્યપુસ્તકો નો જથ્થો અપૂરતો હોવાના કારણે બાળકોને પાઠ્યપુસ્તક વગર ભણવાનો વારો આવ્યો છે અને ધોરણ 1 ગણિત અને ધોરણ 2 માં ગુજરાતી અને ગણિત વિષય ના પુસ્તકો ઓછા છે ધોરણ 6 ની સમાજવિદ્યા ના પુસ્તકો જ્યારે ધોરણ 8માં સમાજવિદ્યા અને ગુજરાતી ના પુસ્તકો ઓછા છે તેના પગલે ઓછી સંખ્યામાં પુસ્તકો આવ્યા હોવાથી કેટલાય બાળકો ને પુસ્તકો મળવાના બાકી છે તેના પગલે બાળકો ગેરહાજર રહેવાના અને શિક્ષણ માં અરુચિ પેદા થવાના નોંધપાત્ર બનાવો નોંધાઈ રહ્યા છે તેના પગલે બાળકોનું ભાવિ અંધકારમય બની રહ્યું છે અને વાલીગણ માં ભારે ચિંતા પ્રસરી છે એક મહિનાનો સમય વિતવા આયો છતાંય ગણિત સમાજવિદ્યા ગુજરાતી જેવા વિષયોના પુસ્તકોના અભાવે અભ્યાસક્રમ ચાલી ગયો છે અને બાળકો આ વિષયોમાં નબળા પુરવાર થાય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.